FILE NO.FRC/PRO./2021-22/PBR/PBR/261

DT. 16/05/2022

ફી નિયમન સમિતિ
રાજકોટ ઝોન, રાજકોટ.

24110107796

બિરલાસાગર હાયરસેકન્ડરી સ્કૂલ
બિરલાસાગર કોલોની,
પોરબંદર – 360576
EMAIL:- gjadroja@saukemindia.com

# નિર્ણય

1. શાળાની ફી અંગેની દરખાસ્ત કમિટીના અધ્યક્ષશ્રી તથા સભ્યો - સંચાલક મંડળના પ્રતિનિધિ એ.ડી.પટેલ, સિવિલ એન્જિનિયર શ્રી વી.સી. પાઠક, શિક્ષણશાસ્ત્રી શ્રી એ.એ.સેતા તથા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શ્રી જી. બી.દેવળીયા સમક્ષ રજૂ કરવામાં આવે છે. આ હુકમ જાહેર કરવાના સમયે સમિતિના હાજર રહેલા સભ્યશ્રીઓએ સહી કરેલ છે.
2. સૌકમ એજ્યુકેશન સોસાયટી સંચાલિત બિરલાસાગર હાયરસેકન્ડરી સ્કૂલ પોરબંદરમાં પ્રિપ્રાયમરીથી ઉચ્ચતર માધ્યમિક સામાન્ય પ્રવાહ અંગ્રેજી માધ્યમમાં ચલાવવામાં આવે છે.
3. શાળાએ વર્ષ 2020-21 થી 2022-23 ની ફી મંજુર કરવા હાલની દરખાસ્ત કરેલ છે.
4. શાળાએ રજુ કરેલ સૂચિત ફી નું માળખું નીચે મુજબ છે.

| STD. | MEDIUM | 2020-21 | 2021-22 | 2022-23 |
|---|---|---|---|---|
| K.G. | ENG | 17160 | 17160 | 17160 |
| 1 | ENG | 19110 | 19110 | 19110 |
| 2-3 | ENG | 19955 | 19955 | 19955 |
| 4-5 | ENG | 19955 | 19955 | 19955 |
| 6-7 | ENG | 19955 | 19955 | 19955 |
| 8 | ENG | 21827 | 21827 | 21827 |
| 9-10 | ENG | 23933 | 23933 | 23933 |
| 11-12(GEN.) | ENG | 27534 | 27534 | 27534 |

5. શાળાએ દરખાસ્ત સાથે શાળાને લગતી સામાન્ય માહિતી, વિદ્યાર્થી- શિક્ષકો- વર્ગો ની સંખ્યા, ઇન્ફ્રાસ્ટ્રક્ચર, નાણાકીય માહિતી વગેરે રજૂ કરેલ છે.

FILE NO.FRC/PRO./2021-22/PBR/PBR/261 DT. 16/05/2022

6. શાળાએ વર્ગ મંજુરીના હુકમો તથા વર્ષ 2019-20 તથા 2020-21 ના ઓડિટ રિપોર્ટ રજુ કરેલ છે. તથા ટ્રસ્ટનો નોંધણીનો દાખલો રજૂ કરેલ છે.

7. ઉપરોક્ત તમામ લેખિત આધારો વંચાણે લીધા.

8. સમગ્ર દેશમાં તાજેતરમાં ઉપસ્થિત થયેલ covid-19ની મહામારી ને કારણે તારીખ 16 -3 -20 થી રાજ્યની તમામ શાળાઓ ( સરકારી, ગ્રાન્ટ-ઇન-એ ઇડ, સ્વનિર્ભર ) બંધ રાખવાની જાહેરાત કરવામાં આવી છે કેન્દ્ર સરકાર દ્વારા સમયાંતરે lockdown જાહેર કરવામાં આવ્યું હતું તે સંજોગોમાં શાળાઓ બંધ રાખવામાં આવી હતી અને હાલની પરિસ્થિતિમાં પણ કેન્દ્ર સરકારના આ અંગેના નિર્દેશ મુજબ શૈક્ષણિક સંસ્થાઓ શરૂ કરવાનો આદેશ કરવામાં આવેલ છે અને આ પરિસ્થિતિ ધ્યાને લઇને અરજદાર શાળા ના સને 2019-20ના રજુ થયેલ હિસાબ અને તે વર્ષના વિદ્યાર્થીઓની સંખ્યાના આધારે સને 2021 -22 માટેની ફી, ફી નિયમન સમિતિ નક્કી કરવાનું ઠરાવેલ છે કારણકે સને 2020-21 ના વર્ષ માટે, રાજ્ય સરકારના તા: 07/10/2020ના ઠરાવ મુજબ સને 2019-20 ના વર્ષની ફી નિયમન સમિતિ દ્વારા મંજૂર ફી ના 75% રકમ ફી તરીકે લેવાનું ઠરાવ્યું છે. શાળા પૂરેપૂરા સમય ચાલી નથી વિદ્યાર્થીઓની ફી ઓછી આવેલી છે તે જ પ્રમાણે શાળાને પણ ખર્ચનું પ્રમાણ ઓછું થયેલ છે તેથી વર્ષ 2019-20ના વર્ષના ઑડિટ આધારે ફી નક્કી કરવાનું ઠરાવવુ ન્યાયી અને વ્યાજબી છે અને શાળા સંચાલક તથા વિદ્યાર્થીઓના વાલીઓને નુકસાન પણ ન થાય તે હેતુથી 2019-20નું વર્ષ નક્કી કરવામાં આવ્યું છે.

9. શાળાએ રજુ કરેલ ઓડિટ રિપોર્ટમાં નીચેની વિગતો નોંધનીય છે.

| Expenditure / Income | 2019-20 In lakh. | 2020-21 In lakh |
|---|---|---|
| FEES | 157.86 | 108.83 |
| BANK INT. | 1.42 | 10.35 |
| NOTICE PAY SALARY | 0.30 | - |
| I.T. REFUND | 0.034 | - |
| TOTAL INCOME | 159.61 | 119.18 |
| STAFF SALARY | 134.87 | 136.49 |
| EX. GRATIA PAYMENT | 3.76 | 5.89 |
| EPF | 10.77 | 11.15 |
| EPS | 5.40 | 5.25 |
| REPAIR & MAINTENANCE | 1.10 | 1.12 |
| FUNCTION EXP. | 3.28 | - |
| STATIONARY | 3.28 | 0.012 |
| SCHOOL CLEANLINES | 17.74 | - |
| RENT , RATES & TAX | 0.26 | 0.26 |
| ELECTRICITY BILL | 3.75 | 1.14 |
| TOTAL EXPENDITURE | 207.67 | 185.41 |
| PROFIT / LOSS | -(48.03) | -(66.18) |

OFFICE OF THE FEE REGULATORY COMMITTEE RAJKOT ZONE

FILE NO.FRC/PRO./2021-22/PBR/PBR/261

DT. 16/05/2022

10. શાળામાં વર્ષ 2019-20 તથા 2020-21 માં વિદ્યાર્થીઓની સંખ્યા,શિક્ષકોની સંખ્યા,વર્ગની સંખ્યા નીચે મુજબ દર્શાવેલી છે

| ધોરણ | વિદ્યાર્થીની સંખ્યા 2019-20 | શિક્ષકોની સંખ્યા. 2019-20 | વર્ગની સંખ્યા 2019-20 |
|---|---|---|---|
| PRE. PRIMARY | 120 | 45 | 04 |
| 1-5 | 486 | | 13 |
| 6-8 | 292 | | 09 |
| 9-10 | 202 | | 06 |
| 11-12 | 72 | | 02 |

11. સદર શાળામાં વર્ષ 2019-20માં વિદ્યાર્થીઓની સંખ્યાના પ્રમાણમા વર્ગની સંખ્યા તથા શિક્ષકોની સંખ્યા નિયમાનુસાર જણાય છે. શાળા ભાડાનાં મકાનમાં બેસે છે. જેનો ભાડા ખર્ચ રૂ. 26000 દર્શાવેલ છે. જે સમિતિના સભ્ય સિવિલ એંજિનિયર શ્રીનાં અભિપ્રાય મુજબ વ્યાજબી છે. શાળા બે પાળીમાં ચાલે છે. ધોરણ 1 થી 5 બીજી પાળીમાં ચાલે છે. અને તે સિવાયના વર્ગો પ્રથમ પાળીમાં ચાલે છે. શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા તેમજ બે પાળીમાં શાળા ચાલે છે તે ધ્યાને લેતા ક્લિનીંગ ખર્ચ 17.74 લાખ મજરે આપવાપાત્ર છે. આ ઉપરાંત વર્ષ 2019-20 નાં ઓડિટ રિપોર્ટમાં દર્શાવેલ તમામ ખર્ચ મજરે આપવાપાત્ર છે.

કુલ માન્ય ખર્ચ આધારિત વિદ્યાર્થિની સંખ્યા પ્રમાણે વિદ્યાર્થીદીઠ ખર્ચ, બે વર્ષના વ્યાજબી વધારો તથા ફી વધારાના કારણો ધ્યાને લેતા નીચે મુજબ ફી મંજૂર કરવામાં આવે છે.

12. વર્ષ 2020-21 માટે તા: 07/10/2020 ના શિક્ષણ વિભાગ ગુજરાત સરકારના ઠરાવ અન્વયે વર્ષ 2019-20 ના 25% રાહત આપી લેવા પાત્ર થાય જેથી 2020-21 ની ફી નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

| STD | MED | AS PER 2020-21 GUJRAT GOV. NOTIFICATION DATED 07-10-2020 25% LESS OF 2019-20 FEES 2020-21 | APPROVED BY FRC 2021-22 | APPROVED BY FRC 2022-23 |
|---|---|---|---|---|
| K.G. | ENG | 9900 | 17160 | 17160 |
| 1 | ENG | 11025 | 19100 | 19100 |
| 2-3 | ENG | 11512 | 19955 | 19955 |
| 4-5 | ENG | 12592 | 19955 | 19955 |
| 6-7 | ENG | 12592 | 19955 | 19955 |
| 8 | ENG | 13807 | 21827 | 21827 |
| 9-10 | ENG | 14775 | 23933 | 23933 |
| 11-12(GEN.) | ENG | 15885 | 27534 | 27534 |

FILE NO.FRC/PRO./2021-22/PBR/PBR/261

DT. 16/05/2022

13. શાળાએ હુકમમાં દર્શાવ્યા મુજબ નિયત કરેલ ફી લીધી છે, તે સબબનુ એફિડેવિટ દિન 30 માં લગત કચેરી મારફતે અત્રે રજુ કરવાનું રહેશે. તેમજ વધુ વસુલેલ ફી જે વિદ્યાર્થીઓનો અભ્યાસ આગળના વર્ષે ચાલુ રહેલ હોય તેની વસૂલ, મળવાપાત્ર ફી ની સામે મજરે આપેલ છે અને જે વિદ્યાર્થી શાળા છોડી ગયેલ છે તે વિદ્યાર્થી/વાલીને બેન્કિંગ ચેનલથી વધુ વસૂલેલી ફી રિફંડ કરેલ છે તે સબબનુ સોગંદનામું આ હુકમ મળે તેનાં દિન – 30 માં રજુ કરવાનું રહેશે .

ઉપર મુજબની ફી મજરે આપવાના કિસ્સામાં ક્યા વર્ષ ની વસુલવા પાત્ર ફીની સામે કેટલી રકમ મજરે આપી તે અને શાળા છોડી ગયાનાં કિસ્સામાં રિફંડપાત્ર રકમ, ચેક/ આર.ટી.જી.એસ./ ડી. ડી. નંબર, રકમ બેંકમાંથી ઉપાડ્યાની તારીખ આ તમામ વિગતો દરેક વિદ્યાર્થી ના નામ જોગ સી.એ.સર્ટિફાઇડ સ્ટેટમેન્ટ ના સ્વરૂપે રજૂ કરવાની રહેશે અને આ સંપૂર્ણ રકમ ત્યાર પછીના વર્ષના હિસાબોમાં વસૂલી ફી રિફંડ ખાતુ એવા હેડમાં અલગથી દર્શાવવાનું રહેશે.

આગામી વર્ષમાં આ કચેરીમાં રજૂ કરતી વખતે ઉપર મુજબનું સોગંદનામું અને સી.એ. નું સર્ટીફીકેટ અચૂક રજૂ કરવાનું રહેશે .

14. અત્રેની સમિતિ દ્વારા નિર્ધારિત કરેલ સદર ફી ની વિગતો શાળા દ્વારા ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમ એમ બંને ભાષામાં નોટિસ બોર્ડ તથા શાળાના વેબસાઇટ પર પ્રદર્શિત કરવાની રહેશે.

15. અત્રેની ફી નિયમન સમિતિ દ્વારા નક્કી કરેલ ફી કરતા વધુ ફી શાળાએ મેળવેલ હોય તે વિદ્યાર્થી અથવા તેના વાલીને દિન 30 માં પરત આપવાની અથવા સરભર કરવાની રહેશે.

16. શાળા એક સાથે માત્ર એક ત્રિમાસિક ફી લઇ શકશે તેનાથી વધુ ફી લેવામાં આવશે તો સ્વનિર્ભર શાળાઓ (ફી નિયમન) અધિનિયમ - 2017ની જોગવાઈ અનુસાર કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

17. નિયત કરેલ ફી સંબંધે સ્પષ્ટતા કરવાની કે આ ફી નામદાર સુપ્રીમ કોર્ટના હુકમને આધિન રહેશે..

18. આ હુકમ થી જો તમે નારાજ હોય તો હુકમ મળ્યાના દિવસ 21 માં ફી રિવિઝન કમિટી (રાજ્યકક્ષા), બ્લોક 1, વિંગ બી-1, છઠ્ઠો માળ, કર્મયોગી ભવન, સેક્ટર – 10એ ગાંધીનગર ખાતે ફોર્મ નં. 5માં જરૂરી આધારો સાથે રૂ. 10000 પ્રોસેસ ફી ભર્યાનું અસલ ચલણ જોડી રિવિઝન કરી શકાશે.

Sd/-

અધ્યક્ષ

ફી નિયમન સમિતિ,રાજકોટ ઝોન,રાજકોટ.

(નિવૃત જિલ્લા ન્યાયધીશ)

ખરી નકલ (હુકમથી)

OFFICE OF THE FEE REGULATORY COMMITTEE * RAJKOT ZONE *

(વી.જે.બાબરીયા)

ફરજ પરના અધિકારી

ફી નિયમન સમિતિ,રાજકોટ ઝોન,રાજકોટ.